સરકારી તથા બિન સરકારી માધ્યમિક/
ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તથા આચાર્યોને
જમા પ્રાપ્ત રજાઓનું નિવૃતિ સમયે રોકડમાં
રુપાંતર કરવા બાબત..

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ક્રમાંક : બમશ-૧૩૯૦/૫૧/ભાગ-૨/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૪-૮-૧૯૯૦

" ઠ રા વ "
-o-o-o-o-o-o-

ગુજરાત શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શિક્ષકોને નિવૃતિ સમયે સરકારી કર્મચારીઓની જેમ જમા પ્રાપ્ત રજાઓનું રોકડમાં રુપાંતર કરવાનો લાભ મળતો ન હોઈ, અર્ધપગારી રજાઓનું રોકડમાં રુપાંતર કરવા દેવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. શિક્ષકોની આ માંગણી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે રાજયની બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા સરકારી માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકોને તથા દ્વિતીય આચાર્યને નિવૃતિ સમયે, તેમના ખાતે (૧) જમા પ્રાપ્ત રજા તથા (૨) અર્ધપગાર રજાઓ જમા હોય તેની અડધી રજાઓ પુરા પગારની ગણીને બંને મળી કુલ-૨૪૦ દિવસની મર્યાદામાં રોકડમાં રુપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

૨/- આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૭-૭-૧૯૯૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
( પા.છ.યાદવ,)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ,